Letter No: ED/0201/05/2023 Dt: 10-05-2023

બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ અને ૧૦નો એક એક વર્ગ ધરાવતી શાળાઓમાં કુલ ૩ શિક્ષક અને ૧ આચાર્ય મુજબના મહેકમ માટે શિક્ષકોની જગ્યાઓ ઉભી કરવા તથા તેના પગાર ભથ્થા માટે સને ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં થયેલ નવી બાબત તરીકેની જોગવાઇને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : **ED/GOG/e-file/3/2023/0003/G**
સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધા -:

1. શિક્ષણ વિભાગના તારીખ ૧૦/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૯/૮૫૮/ગ
2. કમિશનર શાળાઓની કચેરીના તા.૧૪/૦૩/૨૩ના પત્ર ક્રમાંક: ઘ/માધ્ય/અ-૧/ વહીવટી મંજૂરી/૩+૧ મહેકમ/૨૦૨૩/૪૦૮૬-૮૭

આમુખ-:

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના તા.૧૦/૧૦/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક: બમશ/૧૧૧૯/૮૫૮/ગ થી રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ અને ૧૦ નો એક એક વર્ગ ધરાવતી શાળાઓમાં કુલ ૦૩ શિક્ષક અને ૦૧ આચાર્ય મુજબના મહેકમને મંજૂરી આપવામાં આવેલ છે. તથા સને ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં **EDN–૧૮** હેઠળ રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ અને ૧૦નો એક એક વર્ગ ધરાવતી શાળાઓમાં કુલ ૩ શિક્ષક અને ૧ આચાર્ય મુજબના મહેકમ માટે શિક્ષકોની જગ્યાઓ ઉભી કરવા તથા તેના પગાર ભથ્થા માટેની જોગવાઈ માટે નવી બાબત તરીકે કુલ રૂ.૪૨૨.૪૭ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. કમિશનરશ્રી શાળાઓની કચેરીએ વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના તારીખ ૧૪/૦૩/૨૦૨૩ના પત્રથી પ્રસ્તુત નવી બાબતની વહીવટી મંજૂરી આપવા વિનંતી કરેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ-:

પુખ્ત વિચારણાના અંતે, સને ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં **EDN–૧૮** હેઠળ રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯ અને ૧૦નો એક એક વર્ગ ધરાવતી શાળાઓમાં કુલ ૩ શિક્ષક અને ૧ આચાર્ય મુજબના મહેકમ માટે શિક્ષકોની જગ્યાઓ ઉભી કરવા તથા તેના પગાર ભથ્થા (માસિક ફિક્સ પગાર રૂ.૩૧,૩૪૦/-) માટે નીચેના કોષ્ટકમાં જણાવ્યા મુજબ કુલ રૂ. ૪૨૨.૪૭ લાખની નવી બાબતની કરેલ જોગવાઈના ખર્ચની આથી નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| માંગણી નં/બજેટ સદર | શાળાઓની સંખ્યા | નવી ઉભી થનાર શિક્ષકોની સંખ્યા | બજેટ જોગવાઈ(રૂ.લાખમાં) |
|---|---|---|---|
| **009 / 2202-02-110-01** | ૧૧૧૫ | ૧૧૧૫ | ૩૪૯.૪૪ |
| **096 / 2202-02-796-02** | ૧૯૦ | ૧૯૦ | ૦૫૯.૫૫ |
| **095 / 2202-02-110-01** | ૪૩ | ૪૩ | ૦૧૩.૪૮ |
| કુલ | ૧૩૪૮ | ૧૩૪૮ | ૪૨૨.૪૭ |

શરતો :-

1. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.\
2. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજૂરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજૂરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.
3. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે કમિશનર શાળાઓની કચેરી જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.
4. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.
5. કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઈએ.
6. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.
7. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી કમિશનર શાળાઓની કચેરીની રહેશે.

Signature valid
Signed by: J T Bandhaniya
Under Secretary
Date: 2023.05.10
16:44:12 +05:30

File No: ED/GOG/e-file/3/2023/0003/G
Approved By: Hitesh K Gohil(DS,G,ED)

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

8. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને નાણા વિભાગના તા. ૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.
9. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગનાતા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે
10. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો કમિશનર શાળાઓની કચેરીએ જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતા પહેલાંના એક માસ અગાઉ શિક્ષણ વિભાગ મારફતે નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.
11. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં અચૂક નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.
12. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
13. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
14. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
15. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
16. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
17. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર નાણા વિભાગની તારીખ ૦૭/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.ટી.બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી ,નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (શિક્ષણ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી શાળાઓની કચેરી, ૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ /રાજકોટ.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ( કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર મારફત)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી (કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર મારફત)
- શાખા સિલેક્ટ ફાઇલ.

ક્રમાંક/શા/માધ્ય/અ-૨/2023/૯૩૦૫-૩૮
કમિશનરશ્રી, શાળાઓની કચેરી
બ્લોક નં.૯, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર, તા.૧૨/૦૭/૨૦૨૩

પ્રતિ,
DEO શ્રી
તમામ
શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : ED/GOG/e-file/3/
2023/0003/G તા. 10/5/2023 જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

અધિક શિક્ષણ નિયામક (માધ્ય.),
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

Signature valid
Signed by: J T Bandhaniya
Under Secretary
2023.05.10

File No: ED/GOG/e-file/3/2023/0003/G
Approved By: Hitesh K Gohil(DS,G,ED)

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*